# આંક -૦૬ લગત હુકમ

**૧.** વાદી દ્વારા હાલની મનાઇ અરજી મેળવવા કરેલ છે. વાદી તથા પ્રતિવાદીઓના નામે રેવન્યુ રેકર્ડમાં મોજે ધાંધલપુર ગામે નીચેની વિગતે જમીનો આવેલ છે.

| ખાતા નંબર | સર્વે નંબર | ક્ષેત્રફળ |
|---|---|---|
| ૧૪૪ | ૧૦૧<br>(જુનો સર્વે નં. ૪૬) | ૬–૬૦–૭૫ |
| | ૬૬૬<br>(જુનો ૧૮૫ /પૈકી–૧) | ૨–૨૩–૫૮ |

જે હાલના કામે તકરારી મિલક્ત/જમીન છે.

**૨.** વાદી દ્વારા હાલનો દાવો જાહેરાત તથા કાયમ મનાઇ હુકમ માટે કરેલ છે જેની ટુંક મા હકીકત એવી છે કે,

વાદીઓ ગુજરાનાર ગાંડા હકુ ના સગા દાદા (નાના) આવેલ, સદરહુ ગાંડા હકુ નાઓ ને મોજે ધાંધલપુર તા.સાયલા ખાતે ખાતા નં. ૧૪૪ રે.સર્વે નં. ૧૦૧(જુનો સર્વે નં. ૪૬) ની હે.આરે. ૬–૬૦–૭૫ વાળી તથા રે.સ.–નં. ૬૬૬ (જુનો સર્વ નં.૧૮૫/પૈકી–૧) હે.આરે. ૨–૨૩–૫૮ વાળી જુની શરતની ખેતીની જમીન આવેલ.

ગાંડા હકુના લગ્ન માકુબેન ગાંડા હકુ સાથે થયેલ અને તેઓને લગ્નજીવ–નથી બે પુત્રી નામે (૧) પાર્વતીબેન (૨) બાલુબેન નો જન્મ થયેલ. ગાંડા હકુ તા. ૧૫/૧/૧૯૭૭ ના રોજ ગુજરી ગયેલ અને તેમના સીધી લીટીના વારસદારો તરીકે (૧) માકુબેન તે ગાંડાભાઇ હકુભાઇ ની વિધવા પત્નિ (૨) પાર્વતીબેન તે ગાંડાભાઇ હકુભાઇ ની દીકરી (૩)બાલુબેન તે ગાંડા–ભાઇ હકુભાઇ ની દીકરી આવેલ.

માકુબેન તા. ૧૨/૧૧/૨૦૧૬ ના રોજ અવશાન પામેલ અને ત્યારબાદ પાર્વતીબેન તથા બાલુબેન પણ અવશાન પામેલ અને વાદીઓ પૈકી ૧/૧ થી ૧/૭ વાળા ગુજરનાર પાર્વતીબેન ના વારસદોર છે. આમ,તેઓ દાવા–

વાળી મિલક્ત ના માલિક અને કબ્જેદાર બનેલ છે.

પ્રતિવાદી ના માતા શ્રી નોતીબેન ને સદર જમીનમાં કોઇ પણ જાતનો હક્ક અધિકાર ન હોવા છતાં નોતીબેન તથા તેમના માતૃ શ્રી લક્ષ્મીબેન નુ ગાંડા હકુના વારસદારો તરીકે ખોટી રજુઆત કરી લક્ષ્મીબેન નુ નામ રેવન્યુ રેકર્ડ માં નોંધ નં. ૧૦૯૧ તા. ૨૧/૩/૧૯૮૯ ના રોજ દાખલ કરવામાં આવેલ જે તા. ૩૧/૭/૧૯૮૯ ના રોજ મંજુર કરવામાં આવેલ.

લક્ષ્મીબેન ના લગ્ન કયારેય ગાંડા હકુ સાથે થયેલ નહી કે તેઓને કયારે નોતીબેન કે અન્ય કોઇ સંતાન થયેલ નહી,પરંતુ તેઓ ખોટી રીતે જમીન પચાવી પાડવામાં આવેલ તથા નોંધ નં. ૧૦૯૧ પ્રમાણિત કરતા અગાઉ ૧૩૫ ડી ની નોટીસ વાદીઓના વડીલો ને બજેલ નથી અને નોંધ નં. ૧૦૯૧ થી લક્ષ્મીબેન કે તેઓના વારસોને કોઇ હક્ક પ્રાપ્ત થતો નથી.

લક્ષ્મીબેન ના લગ્ન કાળાભાઇ હીરાભાઇ બાવળીયા રહે.ઢીકવાળી સાથે થયેલ અને તેમના લગ્ન જીવનથી નોતીબેન થયેલ જેથી તેમના પિતા કાળાભાઇ હીરાભાઇ બાવળીયા છે અને તેઓ મંગળકુઇ ગામે રહેતા હતા.- લક્ષ્મીબેન ની પુત્રી નોતીબેન તા. ૨૦/૧૨/૧૯૯૫ ના રોજ ગુજરી ગયેલ જેથી તેઓના વારસદાર તરીકે હાલના પ્રતિવાદીના નામ દાખલ થયેલ છે.

નોતીબેન દ્વારા રે.દિ.મુ નં. ૧૨/૧૯૯૨ થી દાવાવાળી જમીન માં ૧/૫ વારસાઇથી હક્ક હિસ્સા માટે સાયલા સિવિલ કોર્ટ માં દાવો દાખલ કરેલ જેમાં ગાંડા હકુ ના કાયદેસર ના વારસદારો (૧) માકુબેન (૨)બાલુબેન (૩) બાલુબેન તેમજ નોતીબેન ના માતૃશ્રી લક્ષ્મીબેન ને પક્ષકારો તરીકે જોડેલ.

તે દાવા ના પ્રતિવાદી નં. ૧થી ૩ હાજર થઇ જવાબ આપેલ જેમાં નોતી- બેન ના હક્ક નો ઇન્કાર કરેલ,જે દાવામાં તા. ૨૨/૧૨/૧૯૯૩ ના રોજ ચુકાદા આપેલ તે ચુકાદા થી નારાજ ને ગાડાં હકુના વારસદારો (૧) માકુ- બેન (૨)પાર્વતીબેન (૩) બાલુબેન એ રે.દિ.અપીલ નં. ૬૪/૧૯૯૪ દાખલ કરેલ જે તા. ૨/૧૧/૧૯૯૬ ના રોજ મંજુર કરેલ અને દાવો

૧૨/૧૯૯૨ ફરી ચલાવવા ના.કોર્ટ માં પરત મોકલી આપેલ.જેમાં વાદી ને નોટીસ કરતા નોતીબેન તથા પ્રતિવાદી નં. ૪ લક્ષ્મીબેન ગુજરી ગયેલ ના શેરા થી પરત આવતા આંક ૩૬ તથા ૩૭ થી વારસો જોડવા અરજી આપેલ ત્યારબાદ આંક ૪૨ થી દાવા વીડ્રો પુરસીસ આપતા દાવો ફેંસલ કરેલ. ત્યારબાદ ના.સાયલા કોર્ટમાં દિવાની પર.અરજી નં. ૮/૧૯૯૯ થી દાવો ફરી દાવે લેવાની અરજી આપેલ જે તા. ૧૯/૯/૨૦૦૩ ના રોજ નામંજુર કરેલ.

પ્રતિવાદી ના નામ દખાલ કરવા નોંધ નં. ૨૮૮૨ પાડવામાં આવેલ જે અંગેની તા. ૧૫/૬/૨૦૧૯ ના રોજ ૧૩૫ ડી ની નોટીસ બજતા તેઓ ને નોંધ નં. ૧૦૯૧ તથા નોંધ નં. ૨૮૮૨ ની જાણ થયેલ,જે બાબતે તકરારી કેસ નં. ૫/૨૦૧૯ માં હુકમ થયેલ ,જે હુકમ પર ના.કલેક્ટર શ્રી લીંબડી માં અપીલ ૧૮૨/૨૦૧૯ થી અપીલ કરતા ડીલે ઉપર નામંજુર કરતો હુકમ કાયમ કરેલ.જે સામે કલેકટર શ્રી ,સુ.નગર કોર્ટમાં આર.ટી.એસ રીવીઝન ૫૩/૨૦૨૦ થી કરેલ જે પણ નામંજુર કરેલ. જે સામે એસ.એસ આર.ડી માં રીવીઝન કરેલ જે હાલ પેન્ડીંગ છે.

આમ, પ્રતિવાદીઓ નો જમીન માં કોઇ પણ પ્રકારે કબ્જો ન હોવા છતાં માત્ર રેવન્યુ રેકર્ડ ના આધારે કોઇ માલીક બનતા નથી તેમ છતાં પ્રતિ વાદીઓ એકબીજાના મેળાપીપણામાં સદર દાવાવાળી જમીનનો પરત્વે ગેરકાયદેસરનુ કૃત્ય કરતા રોકવા સારુ તથા વાદીઓના કાયદેસર ના માલીકી હક્કો ના રક્ષણ માટે હાલનો દાવો કરી દાવાવાળી મિલકત અંગે પ્રતિવાદી કોઇ પણ જાતનો વ્યવહાર,વેચાણ,ગીરો ,બક્ષિસ, બાનાખત કે કોઇ જાતા ના લખાણ કે ત્રાહિત ના કોઇ હક્કો કે જમીનો તારણ માં મુકે મુકાવે નહી તે માટે કામ ચલાઉ મનાઇ હુકમ ની માંગણી કરેલ છે.

3. સદર કામે દાવો દાખલ કર્યા બાદ પ્રતિવાદી ને સમન્સ કરતા તેઓ તેમના વિ.વ. શ્રી મારફતે હાજર થયેલ છે અને આંક-૧૨ થી લેખીત જવાબ/ મનાઇ અરજી ના જવાબ રજુ કરેલ છે.જેમાં તેઓ એ સાથે માર્ક ૧૩/૧ થી ૧૩/૨૦ ના દસ્તાવેજો રજુ કરેલ છે.

૪. પ્રતિવાદી તરફે આંક ૯ થી જવાબ રજુ કરેલ છે જેમાં તેઓ વાદી-ની દાવા અરજીની હકીકતો અંશતઃ ઈન્કાર કરે છે અને વધુમાં જણાવે છે કે,ગાંડાભાઈ હકુભાઈ નાઓ ને હકીકતમાં બે પત્નિઓ અને ત્રણ પુત્રીઓ આવેલા હતા. વાદીએ હાલના દાવામાં બાલુબેન ના વારસો માં એક પુત્ર અને ચાર પુત્રીઓ આવેલ છે તેમ છતાં તેઓને પક્ષકાર તરીકે જોડેલ નથી. નોંધ નં. ૧૦૯૧ વખતે તલાટી કમ મંત્રી શ્રી એ પંચ કયાસ કરેલ અને ત્યારબાદ નામ દાખલ કરવામાં આવેલ છે. નોંધ નં. ૧૦૯૧ માં જ ગાંજા હકુ ના પત્નિ તરીકે માકુબેન તથા લક્ષણીબેન તથા ત્રણેય પુત્રીઓ બાલુબેન, પા-ર્વતીબેન તથા નોતીબેન ના નામો દાખલ થયેલ છે. વાદી ઓના માતા તથા તેઓ રે.દિ.મુ.નં. ૧૨/૧૯૯૨ ની હકીકતો જાણતા હોવા છતાં આજદીન સુધી કોઈ કાર્યવહી કરેલ નથી.

દાવાવાળી જમીનમાં પ્રતિવાદીઓનો પણ કબ્જો આવેલ છે,અને તેઓ જમીનમાં ખેતી કરી ઉપજ મેળવે છે તથા તેઓ પણ સહ માલીક છે, જેથી તેમની સામે મનાઈ હુકમ મળી શકે નહી. વાદી એ પ્રતિવાદીને નોંધનં. ૧૦૯૧ થી હક્ક પ્રાપ્ત થતો નથી તે માટે નો દાવો તા ૩૧/૦૭/૧૯૮૯ થી સમય મર્યાદામાં દાખલ કરવો જોઈતો હતો.જેથી વાદી નો દાવો તથા મનાઈ અરજી ખર્ચ સહીત નામંજુર કરવા અરજ ગુજારેલ છે.

૫. વાદી તરફે વિ.વ.શ્રી એમ.પી.સભાણી નાઓ ની મૌખિક દલીલ કરેલ છે કે,દાવાવાળી જમીન ના મુળ માલીક ગાંડા હકુ હતા તેઓ ને પહેલી પત્ની નામે માકુબેન હતા, તેઓ ને બે પુત્રી નામે પાર્વતીબેન અને બાલુબેન હતા. હાલના વાદી પાર્વતી બેન ના વારસદારો છે. ગાંડા હકુ ના બીજા લગ્ન ના સંતાન માં લક્ષ્મીબેન હતા તથા તેઓના વારસદાર તરીકે હાલના પ્રતિવાદી છે.

પ્રતિવાદી ના માતા દ્વારા સને ૧૯૯૨ માં રે.દિ.મુ નં.૧૨/૯૨ થી પાર્ટે–શન દાવો દાખલ કરેલ જેનુ હુકમનામું પણ થઈ ગયેલ, ત્યારબાદ તેના સામે વાદી ના માતા એ ના.અપીલ કોર્ટમાં અપીલ કરતા દાવો રીમાન્ડ કરવામાં આવેલ,તથા અપીલના ચાલુ કામે પ્રતિવાદી ના માતા ગુજરી

ગયેલ,તથા વારસો મળતા ન હોવાના કારણે દાવો વિડ્રો કરેલ.ત્યારબાદ સદરહું વીડ્રો દાવો ફરી ફાઈલે કરવા રિ.દિ.પ.અરજી નં. ૮/૧૯૯૯ થી દીવાની પર.અરજી દાખલ કરેલ,જે ના.કોર્ટ દ્ધારા નામંજુર કરવામાં આવેલ.

હાલનો દાવો વાદી દ્ધારા જાહેરાત નો કરેલ છે, તેઓ નો વાદગ્રસ્ત મિલ–ક્ત માં કબ્જો આવેલ છે,તેઓ નુ રેવન્યુ રેકર્ડમાં નામ ચાલે છે, તેઓ ને ૧૩૫ ડી ની નોટીસ ક્યારેય બજેલ નથી.

પ્રતિવાદી દ્ધારા જવાબ આપ્યા બાદ આંક ૧૦ થી કાઉન્ટ કલેઈમ કરેલ છે તથા રે. ૧૨/૯૨ ના જવાબમાં નોંધ નં. ૧૦૯૧ થી વારસાઈ કરાવેલ છે,નોંધ નં. ૨૮૮૨ કરેલ છે, સને ૧૯૯૨ ના દાવા ના પેરા ૧૦ માં વાદી (પ્રતિવાદી ના માતા) એ કબ્જો ની માંગણી કરેલ જેથી તેઓ કબ્જામાં ન હોવાનુ માનવાને કારણ છે, તથા પ્રતિવાદીઓ ખરેખર વારસાઈ માં આવતા નથી.વાદીઓના મકાન વાદગ્રસ્ત મિલક્ત પર આવેલ છે તથા તેમાં તેઓ–નો માત્ર કબ્જો આવેલ છે. વાદગ્રસ્ત મિલક્તના ૭/૧૨ માં પ્રતિવાદી ના પણ નામ છે,જેથી તેઓ વેચાણ/ગીરો કરે કરાવે નહી કે બાનાખત કરે કરાવે નહી, તથા સદર કામે કાયદેસર ના વારસોની તકરાર છે, વાદીનો પ્રથમદ્રષ્ટ્રીય કેસ છે,

૬. પ્રતિવાદી તરફે વિ.વ.શ્રી એમ.આર.જાની નાઓ દલીલ છે કે, વાદીનો દાવો કાયદાથી બાધિત છે, નોંધ નં. ૧૦૯૧ અને ૨૮૮૨ થી કોઈ હક્ક ઉત્પન્ન થતો નથી તે માટે ની જાહેરાત માટે દાવો કરેલ છે, પુરાવો લીધા વિના સદરહુ નોંધ ખોટી હતી કે સાચી તે નક્કી થઈ શકે નહી,વાદી ને અગાઉ ના દાવામાં વિભાજન/પાર્ટેશન ૧૯૯૨ માં માંગેલ તેમ છતાં વાદી દ્ધારા સને ૨૦૨૧ માં પ્રતિવાદી ના માતાનો હક્ક નથી તેનો દાવો લાવેલ છે,સદરહુ નોંધ નં. ૧૦૯૧ થી જ વાદી ના માતા તથા પ્રતિવાદી ના માતા નામ દાખલ થયેલ છે તથા સદરહું નોંધ પણ પ્રતિવાદી ના માતાએ કરાવેલ,વાદી દ્ધારા બાલુબેન ના વારસો ને જોડવામાં આવેલ નહી તેથી તેઓ એ કાઉન્ટર કલેઈમાં વારસાઈ માંગેલ હોઈ તેઓના વારસો ને જોડેલ છે,વાદીના દાવાને પક્ષકારોનો બાધ નડે છે, વાદી દ્ધારા સદરહુ નોંધ રેવન્યુ રાહે પડકારેલ છે ત્યારે તેઓ સરખી દાદ માટે ના.કોર્ટમાં આવી શકે નહી. વાદી દ્ધારા ભાર્મિક દાવાનુ કારણ ઉભુ કરી ને દાવો દાખલ કરેલ છે,રેવન્યુ

રાહે સમય મર્યાદાના આધારે વાદી ની અપીલ નામંજુર કરેલ છે.સદરહુ નોંધ નં.૧૦૯૧ વખતે ૧૩૫ ડી ની નોટીસ તથા ચાવડી તથા આર.પી.એ.ડી કરેલ તથા તે સંબંધિત પંચકયાસ કર્યા બાદ નોંધ પાડવામાં આવેલ છે. પ્રતિવાદી પણ વાદી જેટલો વાદગ્રસ્ત મિલક્ત માં હીત ધરાવે છે, તથા તે પણ સહ માલીક છે, જેથી માલીકના સામે મનાઇ હુકમ મળી શકે નહી, જેથી વાદી નોદાવો જ ટકવા પાત્ર ન હોઇ, વાદીનો કામચલાઉ મનાઇ હુકમની અરજી ખર્ચ સહીત નામંજુર કરવી જોઇએ.

**૭.** સદરહું અરજી ની હકીકતો તથા પ્રતિવાદીએ કરેલ જવાબ/બચાવ ના આધારે સદરહુ મનાઇ અરજી ના નિર્ણય માટે નીચે મુદ્દાઓ નિકાળવામાં આવેલ છે,

૧. શું વાદી નો પ્રથમદ્રષ્ટિય કેસ છે ?
૨. શું વાદીને સગવડ નુ અસંતુલન થશે ?
૩. શું વાદીને નાણાંમાં માપી ન શકાય તેવુ નુકશાન જશે ?
૪. શું હુકમ ?

સદરહુ મુદ્દા ના નિર્ણય નીચે મુજબ છે.

૧. નકારમાં
૨. નકારમાં
૩. નકારમાં
૪. આખરી હુકમ મુજબ

## નિર્ણય માટે ના કારણો

૮. ના.સુપ્રિમ કોર્ટ દ્વારા Kashi Math Samsthan v. Srimad Sudhindra Thirtha Swamy, AIR 2010 SUPREME COURT 296, ઠરાવેલ છે કે,

> '13. It is well settled that in order to obtain an order of injun tion, the party who seeks for grant of such injunction has to prove that he has made out a prima facie case to go for trial, the balance of convenience is also in his favour and he will suffer irreparable loss and injury if injunction is not granted. But it is equally well settled that when a party fails to prove prima facie case to go for trial, question of considering the balance of co venience or irreparable loss and injury to the party concerned would not be material at all, that is to say, if that party fails to prove prima facie case to go for trial, it is

> not open to the Court to grant injunction in his favour even if, he has made out a case of balance of convenience being in his favour and would suffer irreparable loss and injury if no injunction order is granted.'

.૧ વધુમાં ના.સુપ્રિમ કોર્ટ દ્વારા Shiv Kumar Chadha ETC v. Municipal Corporation of Delhi, 1993 SCC (3) 161 માં ઠરાવેલ છે કે,

> 'a party is not entitled to an order of injunction as a matter of right or course. Grant of injunction is within the discretion of the Court and such discretion is to be exercised in favour of the plaintiff only if it is proved to the satisfaction of the Court that unless the defendant is restrained byan order of injunction, an irreparable loss or damage will be caused to the plaintiff during the pendency of the suit.'

૯. સદર કામે વાદી તરફે માર્ક ૪/૧ થી ૪/૭ દસ્તાવેજી લીસ્ટ રજુ કરેલ છે, જેમાં માર્ક ૪/૧ થી દાવાવાળી મિલક્ત ના ગામ નમુના નં.૭ ,૧૨ અને ૮ અ રજુ કરેલ છે જેમાં બંને પક્ષકારો નામ જણાઇ આવે છે. વાદી તરફે તકરારી નોંધ નં. ૧૦૯૧ વંચાણે લેતાં, ગુજરનાર ગાંડા હકુના વારસદારો તરીકે (૧) માકુ બેન ગાંડાભાઇ પત્નિ (૨) લક્ષ્મીબેન ગાંડાભાઇ પત્ની (૩) બાલુબેન ગાંડાભાઇ (૪) પાર્વતીબેન ગાંડાભાઇ (૫) નોતીબેન ગાંડાભાઇ નુ નામ દાખલ થયેલ છે.

એટલે કે વાદી ના માતા પોતે જે હક્કે માલીકી અને કબ્જો ધરાવતા હોવાનુ કથન કરે છે તેજ આધારે પ્રતિવાદીના માતા તથા ત્યારબાદ તેઓ નામ પણ દાવાવાળી મિલક્ત દાખલ થયેલ છે. જેથી રેવન્યુ રેકર્ડ આધારે એક બાજુ વાદી પોતે માલીક અને કબ્જેદાર હોવાનુ કથન તથા તે જ રેવન્યુ રેકર્ડ આધારે વાદી ને હક્ક મળતો હોય અને પ્રતિવાદી ને કોઇ હક્ક પ્રાપ્ત થતો નથી એ હકીકત માનવાને કોઇ કારણ રહેતું નથી.

એ વાત બિન તકરારી છે કે, માર્ક ૪/૫ વાળા દસ્તાવેજ થી પ્રતિવાદી ના માતા શ્રી દ્વારા હાલના વાદી ના માતા શ્રી સામે વિભાજન નો દાવો કરેલ ,જે અપીલ બાદ ફરી પરત આવેલ અને છેવટે ગુણદોષ વિના વીડ્રો કરતા કેંસલ થયેલ એટલે કે તે દાવામાં ન્યાયિક નિર્ણય થયેલ નથી. કથીત દાવો સને ૧૭/૬/૧૯૯૮ ના રોજ પરત ખેંચેલ છે.ત્યાર થી હાલ નો દાવો

દાખલ કર્યા સુધી એટલે કે સને ૨૦૨૧ થી આજરોજ સુધી પ્રતિવાદી એ તેઓ નો હક્ક બાબતે કોઇ ગીરો,વેચાણ કરવાની કોઇ કોશીષ કે પ્રયત્ન કરેલ હોય તેવો કોઇ પુરાવો રજુ થયેલ નથી,જે સંજોગોમાં કે જયારે ૧૯૯૮ થી આજદીન સુધી પ્રતિવાદી દ્વારા તકરારી જમીન બાબતે કોઇ વ્યવહાર કરેલ ન હોય અને જયાં સુધી વાદી દ્વારા કથીત કરેલ હકીકતો કે પ્રતિવાદી ના માતા એ ગાંડા હકુ ના દીકરી ન હતા  તે હકીકત  પુરાવો લીધા વિના હાલ ના તબક્કે નક્કી કરી શકાય તેમ ન હોય,તથા હાલ પ્રથમદ્રષ્ટ્રિય રીતે વાદી તથા પ્રતિવાદીના નામો તકરારી મિલક્ત માં વારસદારો ની રૂએ ચાલતા હોય, તે સંજોગોમાં માત્ર પ્રતિવાદી ના હક્ક ને વિરુધ્ધ ની અસર કરી શકાય નહી તેમ માનવાને કારણ રહે છે. જેથી હાલના  તબક્કે  વાદી ને કામ ચલાઉ મનાઇ હુકમ ન આપવામાં આવે તો વાદી ને નાણાં થી માપી ન શકાય તેવુ નુકશાન જાય તેમ ન હોઇ તથા વાદી નો પ્રથમદષ્ટિય કેસ હોય તેમ માનવાને કારણ રહેતુ ન હોઇ મુદ્દા નં. ૧ થી ૩ નો નકારમાં આપી ન્યાય ના હીતમાં નીચે મુજબ નો હુ-કમ કરવામાં આવે છે.

## હુકમ

વાદી ની કામચલાઉ મનાઇ ની અરજી ના મંજુર કરવામાં આવે છે.

પક્ષકારો એ જાતે ખર્ચ ભોગવવો.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૧/૮/૨૦૨૬ (એમ.આર.કોઠારીયા)

સાયલા પ્રિન્સીપાલ સિવિલ જજ,સાયલા